માર્ચ-એપ્રિલમાં લોકસભાની ચૂંટણીના ભણકારા

જાન્યુઆરીમાં વોટ ઓન એકાઉન્ટ પસાર કરાશે : ૨૦૦૯માં લોકસભા ચૂંટણી એપ્રિલના મધ્યમાં અને મેના ગાળામાં યોજાઈ હતી : વિચારણા શરૂ

નવી દિલ્હી,તા.૧૧

લોકસભાની ચૂંટણી માર્ચના અંતે અથવા તો એપ્રિલની શરૂઆતમાં યોજવાની તૈયારી હાથ ધરવામાં આવી ચૂકી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ યુપીએ સરકાર વોટ ઓન એકાઉન્ટ જાન્યુઆરીના અંત સુધી પસાર કરી દેવાની તૈયારીમાં છે. ટુજી કૌભાંડ, કોમનવેલ્થ ગેમ્સ કૌભાંડ અને કોલસા કાંડ જેવા ભ્રષ્ટાચારના કેસોના પરિણામ સ્વરૂપે યુપીએ-વિરોધ પક્ષ વચ્ચે જોરદાર અથડામણની સ્થિતિ સર્જાયેલી છે ત્યારે જાન્યુઆરી મહિનામાં વોટ એન્ડ એકાઉન્ટ પસાર કરવાની સરકાર યોજના ધરાવે છે. સરકાર ૧૩-૧૭મી જાન્યુઆરી સુધીના ગાળામાં વોટ એન્ડ એકાઉન્ટ પસાર કરવાની યોજના બનાવી ચૂકી છે. લોકસભાની ચૂંટણી માર્ચના અંત સુધીમાં અથવા તો એપ્રિલની શરૂઆતમાં યોજાય તેવી શક્યતા દેખાઈ રહી છે. વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૯માં ચૂંટણી એપ્રિલના મધ્યમાં અને મેના મધ્ય વચ્ચે યોજાઈ હતી. આ વખતે પણ આવી જ શક્યતા દેખાઈ રહી છે. વોટ એન્ડ એકાઉન્ટ પસાર કરવાની તૈયારી સરકારે કરી લીધી છે. આની સાથે જ આગામી લોકસભાની ચૂંટણી માટેનો

● અનુસંધાન પાન-૭ પર

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૭૧ | ૧૨ ડિસેમ્બર, ૨૦૧૩, ગુરૂવાર; માગશર સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

શહેરની સફાઈ વ્યવસ્થા મામલે મનપાના તંત્ર સામે પ્રભારી સચિવની નારાજગી

સે. ૧૧માં પાર્કિંગ પ્લોટ ડેવલપ કરવા સૂચવ્યુ તો પ્રવેશ પોઈન્ટ વિસ્તારોમાં રોડ રિફ્લેક્ટ લાઈટસ્ ગોઠવવા જણાવ્યું

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરની જાહેર સફાઈ તેમજ સેકટરોની આંતરિક સફાઈના મુદ્દે આજે પ્રભારી સચિવશ્રી સંજયપ્રસાદે કોર્પોરેશનના તંત્ર સામે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

તેમણે આજે જિલ્લાના અધિકારીઓ સાથે યોજેલી બેઠકમાં જાહેર સફાઈ તેમજ સેક્ટરોની આંતરિક સફાઈના મુદ્દે તંત્રની ઉદાસીનતાને લઈ કેટલાક મહત્વના નિર્દેશો કર્યા હતા. તેમણે ગંદકી ફેલાવનારાઓ તેમજ પ્લાસ્ટીકમાં કચરો ભરી ફેંકનારાઓ સામે દંડનીય કાર્યવાહી તાત્કાલિક કરવા જણાવ્યું હતું.

સેકટરોમાં કન્ટેઈનર પ્લોટ જે નિયત કરવામાં આવ્યા છે તેને દર્શાવતા સાઈન બોર્ડ મુકવા જણાવ્યું હતું. તેમણે કન્ટેઈનરોની નિયમિત સફાઈ થાય તેનો પણ આગ્રહ કર્યો હતો. તેમજ સફાઈની કામગીરીના સઘન મોનીટરીંગ માટે ખાસ તાકીદ કરી હતી.

લગ્નસરામાં બગીચાઓનો ઉપીયોગ કરી તેમાં ગંદકી ખડકનારાઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા સૂચવ્યું હતું.

પ્રભારી સચિવશ્રીએ જાહેર સફાઈ માટે ખાસ આગ્રહ સેવ્યો હતો એટલુ જ નહિ આંતરિક સફાઈ પણ ચીવટતાપૂર્વક થાય તે જરૂરી હોવાનો આગ્રહ કર્યો હતો.

કોર્પોરેશનના સત્તાવાળાઓએ ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટમાં થયેલી પ્રગતિની વિગતો રજુ કરી હતી. આ ઉપરાંત આઉટ સોર્સીંગથી સફાઈની કામગીરી સઘન બનાવવા માટેના લેવાયેલા પગલાંઓની જાણકારી પણ આપી હતી.

પ્રભારી સચિવશ્રીએ સેક્ટરોની સફાઈ માટે પાયલોટ પ્રોજેક્ટ્સને લઈ સંતોષ વ્યક્ત કર્યો હતો પરંતુ સેક્ટરોની આંતરિક સફાઈ નિયમિત રીતે થાય તે જોવા પર ભાર મુક્યો હતો.

વ્હીકલ પુલ અને વે બ્રીજ માટે જમીનો ઝડપથી ઉપલબ્ધ બને તે માટેના પ્રયાસો અંગે પ્રભારી સચિવશ્રીએ સંતોષ વ્યક્ત કર્યો હતો પરંતુ લેન્ડફિલ્ડ સાઈટનું કામ ગતિ પકડે તે જોવા પણ જણાવ્યું હતું.

આજની આ બેઠકમાં સફાઈ તેમજ અકસ્માતના વધતા જતા બનાવો અટકે તે માટેના મુદ્દાઓ વિશેષ છવાયેલા રહ્યા હતા.

પ્રભારી સચિવશ્રીએ ગાંધીનગર શહેરના પ્રવેશ પોઈંટ નજીક રિફલેક્ટર લાઈટ્સ મુકવામાં આવે તે માટે પોલીસને સૂચવ્યું હતું. આ માટે માર્ગ મકાન વિભાગ સાથે સંકલનમાં રહી કામગીરી કરવા જણાવ્યું હતું.

પ્રભારી સચિવ શ્રી સંજયપ્રસાદે સ્કુલવાન અને સ્કુલ રિક્ષાની આગળ પાછળ બોર્ડ મુકવામાં આવે એટલુ જ નહિ સ્કુલવાનમાં નિયત કરાયેલ સંખ્યા કરતાં વધુ બાળકો ભરવામાં ન આવે તે માટે પગલાં લેવા જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : કશ્યપ નિમાવત)

ઉત્તરાયણના આગમનના અણસાર - હવે પતંગોત્સવ... ગુજરાતનો એક અનોખો ઉત્સવ... પતંગ ચગાવવાનો ઉત્સવ, પતંગ કાપવાનો ઉત્સવ... માત્ર ને માત્ર ગુજરાતમાં જ પતંગ ઉડાડવા કરતા પતંગ કાપવાનો મહિમા વધુ છે અને પતંગ કાપવા માટે સારી દોરી અનિવાર્ય બને છે.. અર્થાત્ સારી-પાકી દોરીની પ્રથમ પસંદગી હોય છે... દોરીને રંગ, કાચ અને લુબદીથી રંગેલી દોરી અસરકારક બને છે... જેની દોરી પાકી એ વધુ પતંગ કાપી શકે... એવી એક માન્યતા છે... જો કે પતંગ કાપવાની પણ એ કલા હોય છે... ઉત્તરાયણના આગમને પહેલા દોરી રંગાવાનું શરૂ થઈ ગયું છે...

અડાલજનો સાત વર્ષીય નરેન્દ્ર કુવામાં પડતાં મોત

પાંચ બહેનોનો વ્હાલસોયો ભાઈ મોટી રિશેષ દરમ્યાન શાળા નજીકના અવાવરૂ ખાળકુવામાં પટકાયો : શિક્ષણ જગતમાં સન્નાટો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર તાલુકાના અડાલજ ગામે પ્રાથમિક

કુમાર શાળાનો ધો. ૨નો વિદ્યાર્થી નરેન્દ્ર પ્રવીણભાઈ દંતાણી મોટી રિશેષના સમય દરમ્યાન શાળા નજીક આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રના ખાળકુવામાં પડી જતાં તેનું કરૂણ મોત નીપજ્યું છે.

બાળકના થયેલા આ દુઃખદ અવસાનની ઘટનાના સમાચાર વાયુવેગે જિલ્લામાં પ્રસરતાં શિક્ષણજગતમાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો.

બનાવ અંગે મળતી વિગતો મુજબ બાલાવીર ખાતે રહેતો ૭ વર્ષીય બાળક આજે મોટી રિશેષના સમય દરમ્યાન શાળાના કમ્પાઉન્ડ પાસે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રની કમ્પાઉન્ડ વોલ નજીકના અવાવરૂ ખાળકુવામાં પડી ગયો હતો. તેના મિત્ર સાથે શૌચક્રિયા કરવા ગયો હતો ત્યાં આ દુર્ઘટના સર્જાઈ હતી. આ બનાવની જાણ તેના મિત્રએ શાળાના શિક્ષકોને તેમજ પરિવારના સભ્યોને કરી હતી.

ઘટનાની જાણ થતાં જ તાબડતોબ ૧૦૮ને બોલાવવામાં આવી હતી પરંતુ બાળક કુવામાં પડ્યું

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં ગ્રામસભા અભિયાનનો ફિયાસ્કો

માત્ર સાત ટકા સરેરાશ હાજરીથી જિલ્લામાં ૧૬૫ ગ્રામસભાઓ સંપન્ન થઈ

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ ગ્રામસભા અભિયાન નિષ્ફળ પુરવાર થઈ રહ્યું છે. જિલ્લામાં અત્યાર સુધીમાં થયેલ ૧૬૫ જેટલી ગ્રામસભામાં પ્રજાજનો દ્વારા પ્રશ્નો રજુ થયા જ નથી.

ગ્રામ વિકાસ વિભાગ દ્વારા યોજવામાં આવેલ આ ગ્રામસભા અભિયાનમાં લોકોની હાજરી પણ પાંખી રહેવા પામી છે. જો કે લગ્નસરાની મોસમ હોવાનું કારણ આગળ ધરી તંત્ર નિષ્ફળતાને છાવરવાનો પ્રયાસ કરી રહેલ છે. મળતી વિગતોપ્રમાણે સરેરાશ ૭ટકા જેટલી હાજરી આ ગ્રામસભાઓમાં જોવા મળી રહી છે.

ગ્રામસભા અભિયાનમાં બે

● અનુસંધાન પાન-૭ પર

WORLD BIG Cinemas

R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
R...Rajkumar (U/A) - 10.00 am, 12.45, 3.45, 6.45 & 10.00 pm
Ram Leela (U/A) - 4.00, 7.00 & 10.15 pm
Bullet Raja (U/A) - 1.00 pm
*schedule subject to change
telebooking 09377458281/09377458431
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia

"ખાદી ઉત્સવ ૨૦૧૩-૧૪"
ઉદ્ઘાટન પ્રસંગે પધારવા સૌને ભાવભર્યું...
જાહેર નિમંત્રણ
ખાદી અને ગ્રામોદ્યોગની ચીજ – વસ્તુઓનું
પ્રદર્શન સહ વેચાણ
તા. ૧૨.૧૨.૨૦૧૩ થી તા. ૦૧.૦૧.૨૦૧૪
"આજથી ભવ્ય શુભારંભ"
ખાદી ઉત્સવ ૨૦૧૩–૧૪
ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા ખાદીની ખરીદી ઉપર વિશેષ વળતર
ઉપરાંત ખાદી ઉત્સવમાં બોર્ડ તરફથી ગુજરાતની ખાદી ઉપર 5% ખાસ વળતર

સમારંભના પ્રમુખ
શ્રી વાડીભાઈ બી. પટેલ
માન. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, અમદાવાદ.
મુખ્ય મહેમાન અને ઉદ્ઘાટક
શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર
માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ, ગુજરાત સરકાર.
અતિથિ વિશેષ
શ્રીમતી મીનાક્ષીબેન પટેલ
માન.મેયરશ્રી, અમદાવાદ મહાનગર પાલિકા, અમદાવાદ
ડૉ. કિરીટભાઈ પ્રેમજીભાઈ સોલંકી
માન. સંસદ સભ્યશ્રી, અમદાવાદ (પશ્ચિમ)
શ્રી રાકેશભાઈ શાહ
માન. ધારા સભ્યશ્રી, અલિસબ્રીજ, અમદાવાદ
શ્રી મનુભાઈ મહેતા
માન.પ્રમુખશ્રી, ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ સંસ્થા સંઘ
શ્રી અરૂણકુમાર સોલંકી,IAS
કમિશનર અને સચિવશ્રી, કુટીર અને ગ્રામોદ્યોગ
શ્રી સંજય જી. હેડાઉ
રાજ્ય નિર્દેશકશ્રી, ખાદી ગ્રામોદ્યોગ આયોગ
સહભાગી સંસ્થાઓ
ઈન્ડેક્ષ – સી
ઈન્ડેક્ષ – બી
સરદાર સરોવર નર્મદા નિગમ લિ.
ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.
ગુજરાત એનર્જી ડેવલોપમેન્ટ એજન્સી
ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિ.
ગુજરાત પ્રવાસન નિગમ લિ.
ગુજરાત મેરીટાઈમ બોર્ડ, ગાંધીનગર
ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઈઝર કંપની લિ.
કમિનર શ્રી, મત્સય ઉદ્યોગ, ગાંધીનગર
ગુજરાત માટીકામ કલાકારી અને ગ્રામટેકનોલોજી સંસ્થાન.
ગુજરાત ઓદ્યોગીક વિકાસ નિગમ લિ.
ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમીકલ લિ.
ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર એન્ડ કેમીકલ્સ લિ.
-: સમય :-
ગુરૂવાર, ૧૨ ડિસેમ્બર, ૨૦૧૩
સાંજે ૬.૦૦ કલાક
-: સ્થળ :-
એજ્યુકેશન સોસાયટી ગ્રાઉન્ડ, સંદેશ પ્રેસ સામે, વસ્ત્રાપુર, અમદાવાદ.
ઓ. રવિ,IAS, સભ્ય સચિવ
ગુજરાત રાજ્ય ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ
ખાદી અને વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન
ભારત સરકાર
પાર્કીંગ અને પ્રવેશ વિના મૂલ્ય / સમય : બપોરે ૧ થી રાત્રીના ૧૦ સુધી

GPSC-1/2 PSI
ક્લાર્ક, તલાટી
તમામ બેચમાં પ્રવેશ ચાલુ છે.
પરીક્ષા સુધીનો કોર્ષ
TCCI EDUCATION PVT. LTD. ૨૦ વર્ષનો અનુભવ
ઓફિસ સમય 9.30 a.m. to 5.00 p.m.
ગાંધીનગર - 9537614607
મહેસાણા - 9537614606

LED, LCD & Colour TV
રીપેરીંગ
સોમનાથ
ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબાલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬,
મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧

Entering Gretiously in to the Fifth year Successfully

HOTEL President
Where Hospitality Speaks...
HONEST restaurant
Harendrasinh jadav
Chairman & M.D.
M: 9898704537
Plot No.1, Sec. -11, B\h. Petrol Pump,Gandhinagar
Telefex : 079-23233444, 079-65723444, Email : Presidenthl@yahoo.com